# જિલ્લામાં આજે વધુ ૧૧૦૦ વોરિયર્સનું વેક્સીનેશન થયુ

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧૦૦ થી વધુ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે ૬૪૨ જેટલા વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૪૯૨ જેટલા વોરિયર્સનું વેક્સીનેશન કરાયુ હતુ.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ સેશન સાઈટ પર વેક્સીનેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. એપોલો હોસ્પિટલ ખાતે ૧૭૭, આયુર્વેદ કોલેજ કોલવડા ખાતે ૪૯, આશ્કા હોસ્પિટલ ખાતે ૬૨, બી.આર. આંબેડકર કોલેજ ખાતે ૧૮, આદર્શ હોસ્પિટલ ખાતે ૧૦ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. વેક્સીનેશન દરમ્યાન એક પણ વોરિયર્સને આડ-અસર થઈ નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# ધો. ૧૦-૧૨ની પરીક્ષા ૧૦ મે થી આરંભાશે

## ધો. ૧૦ની સવારે ૧૦ થી ૧.૧૫ અને ધો.૧૨ની પરીક્ષાનો સમય ૩ વાગ્યાથી ૬.૩૦ વાગ્યા સુધીનો રહેશે

ગુજરાતમાં ધોરણ- ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આજે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં ૧૦ મેથી ૨૫મેના વચ્ચે બોર્ડની પરીક્ષા લેવાશે. સમય ૩ વાગ્યાથી ૬.૩૦ વાગ્યા સુધીનો રહેશે.

આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે અખબારી યાદી બહાર પાડીને પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનીમાન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને નોંધ લેવા વિનંતી કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે કોરોના મહામારીને કારણે વિદ્યાર્થીઓના હિતમાં કાર્યક્રમ જાહેર કર્યો છે. તેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નો ૨૦%ની જગ્યાએ ૩૦% કરાયા છે. ધોરણ-૯થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦% ઘટાડો કરાયો છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રશ્નપત્રમાં ૫૦% બહુવિકલ્પ પ્રશ્નો અને ૫૦% વર્ણનાત્મક પ્રશ્નો યથાવત રખાયા છે. ધોરણ ૯થી ૧૨ના પ્રશ્નપ્રત્રમાં વર્ણાનાત્મક પ્રશ્નોમાં ઈન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન અપાયા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના તમામ તલાટીને મહેસુલી વેરાની નબળી વસુલાત માટે નોટીસ આપવામાં આવી છે.
- ગાંધીનગર મનપાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોના નિકાલ અંગે યુનિયને કમિશનરને પત્ર લખ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ બન્ને મુખ્ય સ્પર્ધક પ્રશ્નોમાં ઉમેદવારી કરવા માટે કાર્યકરો હજુ પણ રજુઆતો કરી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ જિલ્લાતંત્ર દ્વારા વિવિધ જાહેરનામા પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.
- કોરોના વેક્સીનેશન માટે પંચાયતી રાજ સંસ્થાના કર્મયોગીઓ, શિક્ષણ વિભાગના કર્મયોગીઓ તેમજ શહેરી વિકાસ વિભાગના કર્મયોગીઓને હવે આવરી લેવામાં આવશે. કોરોના વેક્સીનેશન અંગે આજે રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ક્લેરીકલ સંવર્ગની જગ્યાઓ ખાલી પડી હોવાથી સૌને તકલીફો પડી રહી છે.

# રીક્ષા ચાલકના ગળે કટર મુકી મોબાઈલ લુંટી લેનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

અડાલજ પાસે આવેલા જમીયતપુરા ખાતે રીક્ષા ચાલકના ગળા પર કટર મુકીને ફોન લુંટી લેનાર યુવક પકડાયો છે. શેરથા પાસે યુવકે બીજા નાગરીકને લુંટવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમાં તે સફળ થયો ન હતો. જેથી રીક્ષા ચાલક અને અન્ય યુવકે શોધખોળ કરીને આરોપીને પકડી પાડી પોલીસને હવાલે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના ચાંદલોડીયા ખાતે રહેતા ધર્મેન્દ્રભાઈ ઓમપ્રકાશ સોની મંગળવારના રોજ રાત્રીના પોણા નવ વાગ્યાના સુમારે અમદાવાદથી કલોલની વર્ધી લઈને ગયા હતા. ત્યારબાદ કલોલ ગુરુકુળ થી એક મુસાફર ત્રિ મંદિર સુધી બેઠો હતો. જમિયત પુરા પાટીયા પાસે રાત્રીના સાડા દશ વાગ્યાના સુમારે મુસાફરે રીક્ષા ચાલકના ગળાના ભાગે કટર મુકીને મોબાઈલ આપવા માટે કહ્યું હતું. જેથી રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખીને મોબાઈલ આપવાની ના પાડી હતી. જેથી મુસાફરના સ્વાંગમાં બેઠેલા શખ્સે રીક્ષા ચાલકના ગળાના ભાગે તેમજ મોં પર કટર મારીને મોબાઈલ લઈને રાત્રીના અંધકારમાં નાસી છુટ્યો હતો. જેથી રીક્ષા ચાલક ત્રિ મંદિર પાસે આવીને અન્ય રીક્ષા ચાલકોને બનાવ અંગે જાણ કરી હતી. તે સમયે ધમેન્દ્રભાઈ સોનીને અન્ય શેરથા ગામનો સુનિલ ઠાકોર મળ્યો હતો. તેણે કહ્યું હતુ કે તે કલોલ રીલાયન્સ પેટ્રોલ પંપ પર નોકરી પુરી કરીને આવતો હતો. ત્યારે અજાણ્યા શખ્સો તેની રીક્ષામાં બેસાડી શેરથા કટ પાસે ગળા પર છરી જેવું હથીયાર મુકી પૈસા અને ફોન માંગ્યો હતો. જેથી સુનિલ ચાલુ રીક્ષામાંથી કુદીને ભાગી ગયો હતો. ફરીયાદી ધર્મેન્દ્રભાઈ સોની અને સુનિલે મળીને આસપાસના વિસ્તારમાં આરોપીની શોધખોળ કરતા આરોપી મળી આવ્યો હતો. જેથી રીક્ષા ચાલકનો મોબાઈલ લુંટી લેનાર અને સુનિલને લુંટવાનો પ્રયાસ કરનાર એક જ વ્યકિત હોવાનું સામે આવ્યું હતું. યુવકને પોલીસ મથકે જઈ નામ પુછતા તે કલોલનો રાહુલ ગોપાલભાઈ પટ્ટણી (ઉં.૨૨, રહે.ઈન્દીરાનગર છાપરા) હોવાનું સામે આવ્યું હતું. અડાલજ પોલીસે રીક્ષા ચાલકને ફરીયાદને પગલે ગુનો નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમસ્ત વિશ્વકર્મા ઓનલાઈન જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩

લાયન્સ કલબ ઓફ અમદાવાદ સેટેલાઈટ અને સપ્તપદી ટ્રસ્ટ દ્વારા સમસ્ત વિશ્વકર્મા વંશજના પંચાલ-લુહાર-સુથાર-ગજ્જર-મિસ્ત્રી-મેવાડા-પ્રજાપતિ-કડિયા-પંચોલી સમાજ માટે ઓનલાઈન જીવનસાથી પસંદગી સંમેલન તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ સવારે ૧૦ વાગ્યે ઝૂમ એપ્લીકેશનના માધ્યમથી યોજવામાં આવેલ છે. જેમાં વિશ્વકર્મા વંશજ સમાજના લગ્નોત્સુક યુવક યુવતી, વિધુર, વિધવા, છુટાછેડાવાળા ઉમેદવારો ભાગ લઈ શકશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન માટેની છેલ્લી ૧૫ ફેબ્રુઆરી છે. રજીસ્ટ્રેશન માટે ૫૫, ગ્રાઉન્ડ ફલોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર-ઈક્મટેક્ષ આશ્રમ રોડ અમદાવાદ મો. ૯૪૨૬૪૧૭૭૬૬ ખાતેબાયોડેટા અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સંપર્ક કરવા ટ્રસ્ટી મહેન્દ્ર મોદીએ જણાવાયુંછે.




વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા બાળકો માટે ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં શિક્ષકો દ્વારા બાળકોને ટ્રાફિકના નિયમો જણાવવા સાથે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

# શહેરમાં શ્વાનને બચાવવાના અને મારી નાંખવાના વિરોધાભાસી કિસ્સા

## વાવોલ પાસેના અન્ડરપાસમાં ફસાયેલા શ્વાનને યુવાનોએ બચાવ્યું : સેક્ટર-૨૯માં ગલુડિયાંની હત્યા કરાઇ

ગાંધીનગર, તા.૩

અત્યારે સોશ્યલ મીડિયા પર સુરતમાં એક માદા ગર્ભવતી શ્વાનને ચીકનમાં ઝેર ભેળવીને ઘાતકી રીતે મારી નાંખવાનો અરેરાટીપૂર્ણ કિસ્સો ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે ગાંધીનગરમાં પણ સેક્ટર-૨૯માં નાના નિર્દોષ ગલુડિયાને લાકડી ફટકારીને મોતને ઘાટ ઉતારવાના ઘાતકી કિસ્સો પણ સર્જાયો હતો. જોકે આ સંવેદનશીલ શહેરમાં અન્ડરપાસમાં વરસાદી પાણીના નિકાલની પાઈપમાં ફસાઈ ગયેલા એક શ્વાનને બચાવવાનો વિડીયો પણ વાઈરલ થવા પામ્યો છે. આ સાથે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા છેલ્લાં ત્રણ દિવસમાં બે ગલુડિયાંને રેસ્કયુ કરવામાં આવ્યાં છે.



આજે ગાંધીનગરમાં એકસાથે બે વિરુદ્ધ પ્રકારના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. એક તરફ ગાંધીનગરના વાવોલ પાસે નવા વિકસાવાયેલા અંડરપાસમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી પાઈપલાઈનમાં ફસાઈ ગયેલા સ્વામીને બચાવતા જીવદયાપ્રેમી યુવાનોમાં વીડિયો સોશિયલ મીડિયા પર ભરપૂર પ્રશંસા મેળવી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી અંડરપાસથી પાઈપલાઈનમાં ફસાયેલા આ શ્વાનને સવારે જૉગિંગ કરવા નીકળેલા કિશનસિંહ સોલંકી, નવીન સિંહ રાજપૂત અને સચિન ઈસરવાલ નામના યુવાનોએ બચાવ્યું હતું.



બીજી તરફ શહેરના સે.૨૯માં એક ઈસમે પોતાની ઘરની આસપાસ રમતા ત્રણ ગલુડિયાઓને લાકડીથી ફટકાર્યા હતા જેમાં એક એક નાના ગલૂડિયાનું માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી મોત નિપજ્યું હતું આ બાબતનો તેના પડોશી દ્વારા વિરોધ ઉઠાવવામાં આવ્યો હતો અને સમગ્ર ઘટનાની જાણ શહેરનાં એનિમલ રેસ્ક્યૂની વિનામૂલ્યે સેવા આપતા જીવદયા પ્રેમીઓને થતાં ભારે રોષની લાગણી પ્રવર્તવા પામી હતી. સમગ્ર મામલો સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશને ફરિયાદ સુધી પહોંચ્યો હતો પરંતુ હત્યા કરનાર પડોશીઓ તથા પોલીસે મધ્યસ્થી કરી બંને પાર્ટીઓ વચ્ચે સમાધાન કરાવી લેતાં સમગ્ર મામલામાં ભીનુ સંકેલાઈ જવા પામ્યું હતું.

# ઝુંડાલ ગામે વેરાઈ માતાના મંદિરમાં ૪૫,૮૦૦ની ચોરી

## ચોર ઈસમો ગર્ભગૃહમાં પ્રવેશી પગની પાવડી, સોનાનો હાર તેમજ અન્ય બે હારની ચોરી કરી શખ્સો પલાયન થઈ ગયા છે

ગાંધીનગર, તા.૩

ઝુંડાલ ગામે આવેલા વેરાઈ માતાના મંદિરમાં રૂ.૪૫,૮૦૦ની મત્તાની ચોરી થઈ છે. રાત્રીના સુમારે તસ્કરોએ મંદિરના મુખ્ય દરવાજાની જાળીનું લોક તોડી અંદર પ્રવેશી ગર્ભગૃહમાં જઈને માતાજીની પગની પાવડી, સોનાનો હાર અને અન્ય બે હાર લઈ ફરાર થઈ ગયા હતા. મંદિરના પૂજારી ગુણવંતભાઈએ ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ ગામના મુખીવાસ સ્વામીનારાયણ મંદિર પાસે રહેતા ગુણવંતભાઈ હરીપ્રસાદ નાયક (ઉં.૬૩) છેલ્લા ૪૦ વર્ષથી વેરાઈ માતાના મંદિરના પૂજારી તરીકે સેવા આપે છે.મંદિર સવારે ૬ વાગ્યાની આસપાસ ખુલે છે અને સાંજે સાડા સાત વાગે બંધ થાય છે. ત્યારે ગતરોજ નિયત સમય મુજબ પૂજા અર્ચના કરીને સાંજના સુમારે મંદિર બંધ કરીને પૂજારી ઘરે ગયા હતા. સવારના પાંચ વાગે હનુમાનજી મંદિરના વાડી કંમ્પાઉન્ડ ખાતે કસરત કરવા માટે આવ્યા હતા. તે સમયે જોયુ તો વેરાઈ માતાના મંદિરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો. જેથી વેરાઈ માતાના મંદિરનો વહીવટ કરતા ઘનશ્યામભાઈ પટેલને જાણ કરી હતી. ઘનશ્યામભાઈ આવી ગયા બાદ તપાસ કરતા મંદિરના મખ્ય દરવાજાની જાળીનુ લોક તોડેલ હતું.

મંદિરના ગર્ભગૃહના દરવાજાની જાળીનુ હેન્ડલ ખુલ્લુ હતું. મંદિરમાં તપાસ કરતા માતાજીની મૂર્તિ આગળ મુકેલી પગની પાવડી કિં. ૬૦૦, માતાજીના ગળામાં પહેરાવેલ સોનાનું ડોકીયું કિં.૪૫,૦૦૦ તેમજ અન્ય બે હાર કિં.૨૦૦ મળી ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વેરાઈ મંદિરમાં થયેલી ચોરી અંગે ગુણવંતભાઈ નાયકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



**મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં સત્ર-૪ અને સત્ર-૬ નું શિક્ષણ કાર્ય શરૂ થયુ**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં બી.એ. સત્ર-૬ અને એમ.એ. સત્ર-૪ના વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય શરૂ થયુ. કોરોના સંક્રમણથી ઘરે બેઠેલા વિદ્યાર્થીઓને બોલાવી ભારત સરકારની માર્ગદર્શિકાને લક્ષમાં રાખી દોગજ દૂરી, માસ્ક પહેરો, વારંવાર હાથ ધોઈ સાવધાની રાખી વર્ગ શિક્ષણ કાર્યનો આરંભ કરાયો. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલે ઉપાસનામાં કોરોના સંક્રમણની સાવધાની રાખવા માટેનું માર્ગદર્શન આપ્યુ હતુ.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




પપ્પા, જોબ વગર મારે હવે ટીવી વેચીને ડિસઇન્વેસ્ટમેંટવાળા ઉપાયથી જ જીવન ચલાવવું પડશે...!!

# સાદરાના સારીરિક શિક્ષણના એનએસએસ યુનિટની માર્ગ સલામતી માટે પ્રસંશનીય સેવાઓ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર પાસેના સાદરા ખાતે ગૂજરાત વિદ્યાપીઠના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા માર્ગ સલામતી અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ યોજવામાં આવી રહી છે જેમાં આગામી તા. ૧૭ મી ફેબ્રુઆરી સુધી એનએસએસ સ્વયંસેવકો દ્વારા નાગરિકોને ટ્રાફિકના નિયમો અને સંજ્ઞાઓ વગેરે અંગે સમજણ આપવા સાથે ટુવ્હિલર ચાલકોને હેલ્મેટ પહેરવા તથા ફોર વ્હિલર ચાલકોને સીટ બેલ્ટ બાંધવાનું મહત્વ સમજાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યમાં ગૌરવ બાલ્યાણ નામના સ્વયંસેવક જેઓ વેસ્ટ ઝોન કક્ષાની પ્રીઆરડી પરેડમાં સારો દેખાવ કરી ચુક્યાં છે તેમના દ્વારા પોતાના હાથે પોસ્ટર બનાવીને પ્રસંશનીય કામગીરી કરી રહ્યાં છે. એનએસએસ સ્વયંસેવકોને સંસ્થાની ડીન પ્રો. જગદીશચંદ્ર સાવલિયા અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસરે અભિનંદન આપ્યા છે.

# બૂલેટ સ્પીડમાં ચલાવી અવાજ કરતા લોકોની સામે કેસ કરો

## બૂલેટના સાયલેન્સરનો અવાજ એટલો હોય છે કે, નાના બાળકોના કાનમાં હંમેશા માટે બહેરાશ આવી શકે છે

ગાંધીનગર, તા.૩

શહેરોમાં મોટો અવાજ કરતા બુલેટ બાઈક ફૂલ સ્પીડમાં ચલાવીને જાતજાતના અવાજ કરવાની કેટલાક યુવાનો દ્વારા થતી પ્રવૃત્તિ અટકાવવા અને કાર્યવાહી કરવા વાહન વ્યવહાર મંત્રી આર.સી.ફળદુએ ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને પત્ર લખ્યો છે. ગાંધીનગરના જાગૃત નાગરિકો તરફથી મળેલી રજૂઆતોના પગલે ફળદુએ કાર્યવાહી માટે માગ કરી છે. ફળદુએ પત્રમાં જણાવ્યું કે, બુલેટના સાયલન્સરનો અવાજ એટલો ભંયકર હોય છે કે, નાના બાળકોના કાનમાં હંમેશા માટે બહેરાશ આવી શકે છે.

વાહન વ્યવહાર મંત્રી ફળદુએ ગૃહ રાજ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું કે, ગાંધીનગર અને રાજ્યના અન્ય શહેર-જિલ્લાઓમાં આજકાલ બુલેટ લઈને નીકળતા લોકો પોતાની જાતિગત ઈમેજ ઉભી કરવા અને રાહદારીઓનું ધ્યાન પોતાના તરફ આકર્ષવા માટે પૂરપાટ ઝડપે નીકળે છે. તેમના બુલેટના અવાજ એટલો ભયાનક હોય કે, કેટલાય કિસ્સામાં વૃદ્ધો પણ આ અવાજથી ગભરાઈ જાય છે. તેમને વધુમાં જણાવ્યું કે, બુલેટના સાયલેન્સરના વિસ્ફોટક અવાજથી રોડ પર વાહન ચલાવતા વ્યક્તિનું ધ્યાન પણ વિચલિત થાય છે, જેના કારણે અકસ્માત થવાની શક્યતા છે. આવા અવાજને બંધ કરાવવા અને બુલેટ લઈને બેફામ રીતે નીકળતા વ્યક્તિઓ સામે ફોજદારી અને દંડનીય કાર્યવવાહી કરવા બાબતે ગાંધીનગરના જાગૃત નાગરિકો દ્વારા પણ રજૂઆત કરવામાં આવી છે. મંત્રી ફળદુએ વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ અને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના કમિશનરને પણ આ બાબતે પગલા લેવા લેખિત જાણ કરી છે. જણાવી દઈએ કે, છેલ્લા કેટલા સમયથી બુલેટ સહિતના મોંઘા બાઈક બેફામ અને વિચિત્ર અવાજ સાથે ડ્રાઈવિંગ કરવાની ફરિયાદો સામે આવી છે.

# ધમાસણા ગામમાં વિવિધ રોગ નિદાન તથા સુવર્ણપ્રાશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સંચાલીત અરિહંત આયુર્વેદિક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તા. ૨૮મી જાન્યુઆરીએ ધમાણસા ગામમાં વિવિધ રોગોનાં નિદાન અને ચિકિત્સા તેમજ સુવર્ણ પ્રાશન કેમ્પનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ચશ્માનું વિતરણ પણ રાહત દરે કરવામાં આવ્યુ હતુ તથા આયુર્વેદિક ઉકાળા અને દવાઓનું વિતરણ કરાયુ હતુ. કેમ્પમાં અનેક હઠીલા રોગો વિષેની લોકોને વિસ્તૃત માહિતી અને સારવાર ડૉ. મમતા સારડા, ડૉ. મહિપાલસિંહ ચાવડા, ડૉ. હાર્દિક પરમાર, ડૉ. બિનલ ગોંડલીયા, ડૉ. ચિરાગ વાઘેલા વગેરે દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. તેમજ મેડિકલ ઓફિસર ડૉ. અજય રધવાણી અને ડૉ. સ્નેહલ બારિયાએ પણ લોકોને વિવિધ રોગોના પથ્ય અપથ્ય વિશે માહિતી આપી હતી.

# કુલનાયક ડૉ. અનામિક શાહે સાદરા-સંકુલની મુલાકાત લીધી

ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાની મુલાકાત લઈ સાંપ્રત સમયની સમસ્યા, ગેરસમજો અને ઉકેલ વિષયક વિવિધ આંકડાકીય માહિતીસભર પ્રશ્નો-જવાબો સાથેનો સુંદર વાર્તાલાપ કર્યો. વ્યાયામ વિભાગના ઉપાસના ખંડની બેઠકમાં ગ્રામસેવા સંકુલ સાદરાના વિવિધ વિભાગો જેવા કે બી.પી., એમ.એ. વિભાગ, સારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિદ્યાશાખા, ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા, પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના સૌ સેવકોએ ભાગ લીધો હતો. ખાદીની આંટીથી કુલનાયકનું સ્વાગત ડીન ડૉ. જગદીશ સાવલિયાએ કર્યુ હતુ.

## જાહેર સુચના

અમારી કંપની યુનીકોન ઈન્ડસ્ટ્રીઝ, પ્લોટ નં. ૩૩૬૩, ફેસ-૪, જી.આઈ.ડી.સી., છત્રાલ, ગાંધીનગર સ્થિત લેટર નં. SEIAA/Guj/EC/5(f)/961/2020 તા. ૨૭/૮/૨૦૨૦ના રોજ SEIAA/SEAC દ્વારા એન્વાર્યનમેન્ટ ક્લીયરન્સ મળેલ છે. જેની કોપી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને SEIAAની વેબસાઈટ www.seiaa.gujarat.gov.in પર મળશે. જેની જાણ સારૂ.

## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

બીજો પ્રયત્ન

વર્ષ-૨૦૨૦-૨૦૨૧

**ગાંધીનગર સમાર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.**

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાના કામે પ્રતિષ્ઠિ એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL INFRA-04- | "Construction of Vehicular under passesat Sector 21/22 across'Ch' road and Sector 22/23 across 'Gh' Road in Gandhinagar | ૧૮૦૦૦.૦૦ | રૂ. ૧૮,૭૮,૬૩૯.૦૦ |

ટેન્ડર ફોર્મ તા. ૪/૨/૨૦૨૧ થી તા. ૧૮/૨/૨૦૨૧ સુધી સમય ૧૬:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂર આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓન લાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ ડીમાન્ડ ડ્રાફટમાં તથા ઈ.એમ.ડી.ની રકમ FDR સ્વરૂપે CEO, Gandhinagar Smart City Development Ltd. ના નામે તા. ૨૫/૨/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૨૫/૨/૨૦૨૧ના રોજ ૧૭:૩૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૩/૨/૨૦૨૧
માહિતી/૧૯૦૬/૨૦-૨૧

સહી/-
ચેરમેન
ગાંધીનગર સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ